વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail : dee@nau.in, Website : www.nau.in

# પરિપત્ર

## World Soil Day ની ઉજવણીના કાર્યક્રમના આયોજન બાબત....

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ભારત સરકાર દ્વારા "International Year of Soils" અંતર્ગત નવસારી કૃષિ યુનિવર્સિટીને કુલ ૫૦૦ સોઈલ હેલ્થ કાર્ડ તેમજ યુનિવર્સિટી કાર્યક્ષેત્ર હેઠળના દરેક કૃષિ વિજ્ઞાન કેન્દ્રને ૨૫૦ સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવાનો લક્ષ્યાંક આપવામાં આવેલ હતો. આ તૈયાર કરવામાં આવનાર સોઈલ હેલ્થ કાર્ડનું તા.૦૫/૧૨/૨૦૧૫ (World Soil Day)ના રોજ સ્થાનિક માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રી/ પદાધિકારીશ્રીઓની હાજરીમાં ખેડૂતોને વિત્તરણ કરવાનું થાય છે.

આ માટે યુનિવર્સિટી હેઠળની સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો દ્વારા World Soil Day ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન આ સાથે સામેલ પત્રક મુજબ કરવાનું રહેશે, જેમાં હાજર રહેનાર યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તેમજ નિષ્ણાંત વૈજ્ઞાનિકોની વિગત દર્શાવવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, પત્રકમાં દર્શાવેલ તમામ ૧૩ વિભાગો/કેન્દ્રોને Soil Health Card Portal સાથે લિંક કરવામાં આવેલ હોઈ જે તે વિભાગ/કેન્દ્રએ પૃથ્થકરણના ડેટા નિયત પ્રફોર્મામાં ઓનલાઈન સબમીટ કરીને સ્થાનિક કક્ષાએ જ ફાળવેલ લક્ષ્યાંક મુજબના સોઈલ હેલ્થ કાર્ડ તૈયાર કરવાના રહેશે. પોર્ટલ સાથે લિંક થવામાં કોઈ મુશ્કેલી જણાય તો શ્રી શૌનક માંકડ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (કોમ્પ્યુટર), કેવિકે, નવસારી (મોઃ 9157338323, 9427577657)નો સંપર્ક કરવો.

ફાળવેલ લક્ષ્યાંક મુજબના સોઈલ હેલ્થ કાર્ડ તા. ૦૨/૧૨/૨૦૧૫ સુધીમાં તૈયાર કરીને તા.૦૫/૧૨/૨૦૧૫ના રોજ નિયત કરેલ સ્થળે માન.સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રી/પદાધિકારીશ્રીઓની ઉપસ્થિતીમાં "સોઈલ હેલ્થ કાર્ડ વિત્તરણ" કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે.

ભારત સરકારની સૂચનાનુસાર આ કાર્યક્રમનો સંકલિત અહેવાલ અત્રેથી તા.૦૬/૧૨/૨૦૧૫ના રોજ મોકલવાનો થતો હોઈ ઉપરોકત કાર્યક્રમ પુરો થયે તેનો અહેવાલ આ સાથે સામેલ પ્રફોર્મામાં ચારથી પાંચ સારા ફોટોગ્રાફ સાથે સોફટ કોપીમાં તા.૦૫/૧૨/૨૦૧૫ની સાંજ સુધીમાં અત્રેની કચેરીના ઈ–મેઈલ : info-dee@nau.in પર બિનચૂક મોકલી આપવાનો રહેશે.

ઉપરોકત પરિપત્ર માન.કુલપતિશ્રીની મંજૂરી લઈને યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/ વેબ–૫૧/૨૦૧૫
નવસારી તા. ૨૭/૧૧/૨૦૧૫

**નકલ સવિનય રવાના પ્રતિ :**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૨. સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નકૃયુ, નવસારી તરફ જાણ થવા સારું.
૩. સામેલ પત્રકમાં કોલમ–૪માં દર્શાવેલ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૪. સામેલ પત્રકમાં કોલમ–૫માં દર્શાવેલ નિષ્ણાંત વૈજ્ઞાનિકશ્રીઓ તરફ જાણ તથા ઘટતું થવા સારું.
૫. તમામ યુનિટ/સબ યુનિટ કચેરીના વડાશ્રીઓ તરફ જાણ થવા સારૂ.
૬. શ્રી શૌનક માંકડ, પ્રોગ્રામ આસીસ્ટન્ટ (કોમ્પ્યુટર), કેવિકે, નવસારી

# તા.૦૫/૧૨/૨૦૧૫ના રોજ World Soil Day ની ઉજવણીના કાર્યક્રમનું આયોજન દર્શાવતું પત્રક

| અ. નં. | જિલ્લો | કાર્યક્રમના આયોજનમાં સામેલ થનાર વિભાગ/કેન્દ્ર | હાજર રહેનાર યુનિવર્સિટી અધિકારીશ્રી | નિષ્ણાંત વૈજ્ઞાનિક* |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | નવસારી | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, નવસારી (**મુખ્ય સંકલનકાર**) | માન.કુલપતિશ્રી,<br>નવસારી કૃષિ યુનિવર્સિટી,<br>નવસારી | ડૉ. કે.જી. પટેલ,<br>સહ પ્રાધ્યાપક,<br>ફુડ ક્વોલીટી ટેસ્ટીંગ લેબોરેટરી,<br>નકૃયુ, નવસારી |
| | | પ્રાધ્યાપક અને વડાશ્રી,<br>જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ,<br>ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | | |
| | | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>જમીન વિજ્ઞાન, નકૃયુ, નવસારી | | |
| | | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>જળ અને જમીન વ્યવસ્થાપન સંશોધન એકમ, નકૃયુ, નવસારી | | |
| | | સહ પ્રાધ્યાપકશ્રી, જમીન વિજ્ઞાન,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | | |
| ૨ | સુરત | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત. (**મુખ્ય સંકલનકાર**) | ડૉ. એ.એન. સાબલપરા,<br>સંશોધન નિયામકશ્રી,<br>નકૃયુ, નવસારી | ડૉ. કે.બી. સાંકટ,<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક,<br>મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, સુરત.<br>શ્રી જે.વી. સુથાર,<br>વિષય નિષ્ણાંત, કેવિકે, સુરત |
| | | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, સુરત | | |
| ૩ | ભરૂચ | આચાર્યશ્રી,<br>કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, મકતમપુર, ભરૂચ (**મુખ્ય સંકલનકાર**) | ડૉ. કે.જી.પટેલ,<br>આચાર્યશ્રી,<br>કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ,<br>મકતમપુર, ભરૂચ | ડૉ. કે.એચ. પટેલ,<br>સહ પ્રાધ્યાપક, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય,<br>નકૃયુ, ભરૂચ |
| | | મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, તણછા, જિ.ભરૂચ | | |
| ૪ | નર્મદા | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, દેડીયાપાડા, જિ.નર્મદા | ડૉ.એમ.કે.એરવાડીયા,<br>આચાર્ય અને ડીનશ્રી,<br>ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી | ડૉ. એ.ડી. રાજ,<br>વિષય નિષ્ણાંત,<br>કેવિકે, દેડિયાપાડા |

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
|---|---|---|---|---|
| ૫ | ડાંગ | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વઘઈ, જિ.ડાંગ | ડૉ. જી.આર. પટેલ,<br>વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,<br>નકૃયુ, નવસારી | ડૉ. જીવરાજ જાટ,<br>સહ પ્રાધ્યાપક,<br>જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ, કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, વઘઈ |
| ૬ | વલસાડ | સંશોધન વૈજ્ઞાનિકશ્રી,<br>કૃષિ પ્રાયોગિક કેન્દ્ર, નકૃયુ, પરીયા, તા.પારડી, જિ.વલસાડ | ડૉ. બી.એન. પટેલ,<br>આચાર્ય અને ડીનશ્રી,<br>અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય,<br>નકૃયુ, નવસારી | ડૉ. એન.ડી. સીંગ,<br>મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક,<br>કૃષિ પ્રાયોગિક કેન્દ્ર,<br>નકૃયુ, પરીયા, જિ.વલસાડ |
| ૭ | તાપી | પ્રોગ્રામ કોર્ડીનેટરશ્રી,<br>કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નકૃયુ, વ્યારા, જિ.તાપી | ડૉ. એચ.આર.પંડયા,<br>ડીનશ્રી,<br>અસ્પી એગ્રી બિઝનેસ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ, નકૃયુ, નવસારી | પ્રો. જે.આર. નાયક,<br>મદદનીશ પ્રાધ્યાપક, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણશાસ્ત્ર વિભાગ,<br>ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી |

* કાર્યક્રમમાં ઉપસ્થિત રહેનાર ખેડૂતોને નિષ્ણાંત વૈજ્ઞાનિકે સોઈલ હેલ્થ કાર્ડનું મહત્વ, તેમાં દર્શાવેલ વિગતો વિશે વિગતવાર ચર્ચા, ભલામણ કરેલ ખાતરના જથ્થાની ગણતરી જેવા મુદ્દાઓ અંગે સરળ ભાષામાં સમજ આપવાની રહેશે અને તે અંગેનું લેકચર તૈયાર કરવું.

## Proforma of Report of Soil Health Day Programme to be held on 5.12.2015 in NAU Centres

| S.N. | Name of Centre | Venue of the Programme | No. of Participants | No. of Soil Health Cards distributed | Name of public representative /or other dignitaries | Specific Centre wise highlights (2-3) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

Note:-Please also enclose two-three good photographs and one paragraph on specific activities held on the day.